# <u>અકસ્માત મૃત્યુ સહાય યોજના</u>

બાંધકામ વ્યવસાયમાં રોકાયેલા શ્રમયોગીઓનું બાંધકામ સાઇટ પર ચાલુ કામના સ્થળે અકસ્માતે મૃત્યુ થાય અથવા કાયમી અશકતતા આવે તેવા કિસ્સામાં શ્રમિક તથા તેમના વારસદારને આર્થિક સહાય પૂરી પાડવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે.

" નોંધાયેલ બાંધકામ સાઇટ કે ખાનગી / વ્યકિતગત ધોરણેની ન નોંધાયેલ સાઇટ પર ચાલુ કામે નોંધાયેલ કે ન નોંધાયેલ બાંધકામ શ્રમિકનું અકસ્માતે મૃત્યુ થાય અથવા કાયમી અશકત બને તો આવા કાયમી અકશત્તાના કિસ્સામાં બાંધકામ શ્રમિકને રૂા.૩.૦૦ લાખની સહાય આપવામાં આવે છે. "

<u>નિયમોઃ-</u>

- બોર્ડમાં નોંધાયેલ/ન નોંધાયેલા બાંધકામ શ્રમિકને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- અકસ્માત લાભાર્થીના ૧૮ થી ૬૦ વર્ષ દરમ્યાન થયેલ હોય તો જ અરજદાર બાંધકામ શ્રમિકની અરજી યોગ્ય ગણશે.
- અકસ્માતે મૃત્યુ પામ્યાની તારીખથી મૃત્યુ પામનાર બાંધકામ શ્રમિકના વારસદાર/ઉત્તરાધિકારીએ એક વર્ષ સુધીની નિયત સમયમર્યાદામાં નિયત નમુનામાં જે તે જીલ્લા કચેરી ખાતે અરજી કરવાની રહેશે.
- બાંધકામ શ્રમિકનો ગુજરાતના કોઇ પણ વિસ્તારમાં ચાલુ કામે, બાંધકામના સ્થળ પર કામ કરતી વખતે અકસ્માત થયેલ હોવો જોઇએ.
- અકસ્માત અંગે સમક્ષ અધિકારી દ્વારા પોલીસ સ્ટેશનમાં કરેલ ફરીયાદ કે અકસ્માત અંગેની જાણ થયેલ હોવી જોઇએ અને એફ.આઇ.આરની નકલ અને પંચનામાની નકલ રજુ કરવાની રહેશે.
- અવસાન પામેલ બાંધકામ શ્રમિકના પોસ્ટમોર્ટમ રીપોર્ટની નકલ રજુ કરવાની રહેશે.
- કાયમી અશકત્તાના કિસ્સામાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર આપવાનુ રહેશે.
- અવસાન પામેલ શ્રમિકના પત્ની/ વારસદારે મૃત્યુના પ્રમાણપત્ર આપવાનુ રહેશે.
- ડીશ કચેરી દ્વારા પ્રાણધાતક અકસ્માત અહેવાલ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની જીલ્લા કચેરીએ રજુ કરવાનો રહેશે.
- પેઢીનામુ અને વારસદારનુ સંમતિ પત્રક સામેલ રાખવાનુ રહેશે.
- અરજદારના બેંકની પાસબુકની નકલ સામેલ રાખવાની રહેશે.

# <u>આકસ્મિક મૃત્યુ સહાય યોજના માટેના આવશ્યક દસ્તાવેજી પુરાવાઃ-</u>

૧. અસલ અરજી ફોર્મ

૨. અરજદારનો ઓળખનો પુરાવો

૩. મૃત્યુ પામનાર શ્રમિકનો ઓળખનો પુરાવો

૪. મૃત્યુ પ્રમાણપત્ર

૫. પોલીસ પંચનામા / એફ.આઈ.આર.ની નકલ

૬. પી.એમ.રીપોર્ટની નકલ

૭. **DISH** કચેરીનો અહેવાલ (પ્રોજેકટ મેનેજરશ્રી કક્ષાએ રજુ કરવાનો રહેશે)

૮. સોગંદનામું/ તલાટીશ્રીનું પેઢીનામું

૯. સંમતિ પત્રક

૧૦. અરજદારની બેંકની વિગત